**અગ્રતા ક્રમાંક : ૦૧ પ્રશ્ન ક: ૧૩૯૯**

**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રી ઈમરાન ખેડાવાલા(જમાલપુર)**

**‘‘અમદાવાદ શહેર અને જીલ્લામાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ દંડ ’’**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:– શ્રી અમિતભાઇ ઠાકર (વેજલપુર)**

**પૂરક પ્રશ્ન –(૩)**

કેન્દ્ર સરકારના નેશનલ ઈન્ફોર્મેટીકસ સેન્ટર (NIC) દ્વારા નિર્મિત **“ વન નેશન વન ચલણ”** એપ્લીકેશન ને આપણા રાજયમાં અપનાવવામાં આવે છે કે કેમ ? જો હા તો કયારથી અમલમાં મુકવામાં આવેલ છે અને તેના પરિણામો કેવા રહયા?

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

- વન નેશન, વન ચલણ એ તમામ સબંધિત એજન્સીઓ, જેમ કે ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ.ને એક પ્લેટફોર્મ પર લાવવાની પહેલ છે, જેથી ચલણોના એકીકૃત સંગ્રહ તેમજ ડેટા ટ્રાન્સફરને સક્ષમ કરી શકાય.
- સંકલિત સિસ્ટમમાં CCTV નેટવર્ક દ્વારા ટ્રાફિક ઉલ્લંઘનની તપાસ અને વાહન(વાહનની માલિકીની વિગતો શોધવા) અને સારથી (ડ્રાઈવિંગ લાઈસન્સની સંકલન) જેવી એપ્લિકેશનોમાંથી ભૂલ કરનાર વાહનનો નોંધણી નંબર મેળવવાનો સમાવેશ થાય છે. ત્યારબાદ સબંધિત દંડની રકમ સાથે ઈ–ચલણ જનરેટ કરવામાં આવે છે અને વાહન સાથે જોડાયેલા મોબાઈલ નંબર પર મોકલવામાં આવે છે.
- ગુજરાતમાં અમદાવાદ, સુરત, રાજકોટના કમિશ્નરેટ વિસ્તારોમાં **૧૬ જાન્યુઆરી ૨૦૨૩**થી અને બાકીના જીલ્લામાં **૧૩મી જુન ૨૦૨૩થી** કાર્યરત છે.

- જો કોઇ વ્યક્તિ ૯૦ દિવસની અંદર ચલણની રકમ ચૂકવશે નહિ, તો ચલણ આપમેળે વર્ચ્યુઅલ કોર્ટમાં મોકલવામાં આવશે અને કાર્યવાહી શરૂ કરવામાં આવશે. ગુનેગારના મોબાઇલ ફોન પર સમન્સ મોકલવામાં આવશે. જો દંડ હજુ પણ ન ભરે તો આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- વર્ચ્યુઅલ કોર્ટનો હેતુ કોર્ટમાં અરજદારોની હાજરીને દુર કરવાનો છે. આરોપી વર્ચ્યુલ કોર્ટની વેબસાઇટ પર તેમનો કેસ શોધી શકે છે. દંડની સફળતાપૂર્વક ચુકવણી પર, કેસનો નિકાલ થયેલો દર્શાવવમાં આવે છે.
- સમગ્ર રાજ્ય માટે **કુલ–૨૧ વર્ચ્યુઅલ કોર્ટ**ની સ્થાપના કરવામાં આવી છે.
- તા.૧૬/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૦૧/૨૦૨૪ સુધી સમગ્ર રાજ્યમાં **૧૩,૫૪,૪૭૩ ઇ–ચલણ** જનરેટ કરવામાં આવ્યા છે. જેના પરિણામે **રૂ.૧૫.૬૧ કરોડ/– ની રકમ મળેલ છે.**